સસરાએ રસોઈ બનાવતી વહુને પાછળથી બાથ ભરી છેડતી કરી

કાપોદ્રાની ઘટનામાં પતિએ પત્નીનો પક્ષ લેવાને બદલે ઊલટો વહેમ રાખી ઘરમાંથી કાઢી મૂકી

શરમ અને ઈજ્જતના ડર વચ્ચે આખરે પિતા સાથે પોલીસ મથકે પહોંચી પીડિતાએ નોંધાવી ફરિયાદ

સુરત : રસોઈ બનાવી રહેલી વહુને પાછળથી બાથ ભરીને અડપલા કરનાર સસરા સામે જ્યારે વહુએ વિરોધ નોંધાવ્યો, ત્યારે પતિએ પણ અમાનવીય વર્તન દાખવી પત્ની પર જ વહેમ રાખીને ઘર બહાર કાઢી મૂકી હતી. આ મામલે પીડિત મહિલાએ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.

કાપોદ્રા વિસ્તારમાં રહેતી અને હાલ પિયરમાં રહીને ઘરકામ કરતી નીતાબેન નામ બદલ્યું છે (ઉ.વ. 32) દ્વારા આ મામલે સરથાણા પોલીસ મથકે ફરિયાદ નોંધાવવામાં આવી છે. નીતાબેનના લગ્ન ગત તા. 05/03/2018 ના રોજ (રાજેશભાઈ નામ બદલ્યું છે) સાથે થયા હતા. લગ્નજીવન દરમિયાન તેમને એક દીકરી પણ છે. લગ્ન બાદ નીતાબેન સરથાણા ખાતે એક સોસાયટીમાં પોતાના સાસરી પક્ષ સાથે રહેતા હતા અને તેમના પતિ હજીરા ખાતે રિલાયન્સ કંપનીમાં નોકરી કરતા હતા.

નીતાબેન એક સ્કૂલમાં શિક્ષિકા તરીકે પણ ફરજ બજાવતા હતા. દીવાળીનું વેકેશન હોવાથી નીતાબેન સાસરીમાં ઉપરના માળના રસોડામાં સાંજના સાડા સાતેક વાગ્યાના અરસામાં રસોઈ બનાવી રહ્યા હતા. તે વખતે તેમના પતિ નાઈટ શિફ્ટમાં નોકરી પર ગયા હતા.

આ દરમિયાન તેમના સસરા સુરેશભાઈ હુમ્મર પાછળથી અચાનક આવી પહોંચ્યા હતા અને નીતાબેનને બાથ ભરી લીધી હતી. આ અચાનક થયેલા હુમલાથી ગભરાઈ ગયેલી નીતાબેને તેમને તુરંત ધક્કો મારીને ખસેડી દીધા હતા અને 'આવું કરતા શરમ નથી આવતી'? તેમ કહીને ભારે વિરોધ નોંધાવ્યો હતો. આ ઘટના બાદ જ્યારે પતિ નોકરી પરથી પરત આવ્યા, ત્યારે નીતાબેને સમગ્ર હકીકત જણાવી હતી.

જોકે, પતિએ પોતાના પિતાને સાચા ઠેરવવાને બદલે ઊલટો પત્ની પર જ વહેમ રાખીને 'તું જ એવી છે' તેમ કહી ઝઘડો કર્યો હતો અને તેમને ઘરમાંથી કાઢી મૂક્યા હતા. પિતા સાથે ચર્ચા વિચારણા કર્યા બાદ તેમણે સસરા સુરેશભાઈ જાદવભાઈ હુમ્મર સામે સરથાણા પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી.

વકીલોએ આરોપીઓ તરફથી કોર્ટમાં હાજર ન રહેવા ઠરાવ કરતાં મામલો ગરમાયો

બહેનનીમિત્રનેઘરેમૂકવાજવામાંઉદ્યોગપતિના નબીરા પુત્રનો સગીર વકીલ પુત્ર પર હુમલો

ગળું દબાવી હત્યાનો પ્રયાસ, ઉદ્યોગપતિ પિતા પણ હુમલામાં સામેલ હોવાની ફરિયાદ

સુરત : પાલમાં બહેનની મિત્રને ઘરે મૂકવા જવાની સામાન્ય બાબતમાંથી શરૂ થયેલા વિવાદમાં સગીરને બહેનની મહિલા મિત્રના ઉદ્યોગપતિ પિતા, પુત્ર સહિતની ટોળકીએ ભેગા થઈ પટ્ટા અને લાકડાના ફટકા વડે મારી અધમૂવો બનાવી દીધો હતો. ઘટના બાદ મોટા ગજાના ઉદ્યોગપતિ પિતાએ વકીલ પુત્ર પર ઉમરા પોલીસમાં પોક્સો હેઠળ કાર્યવાહી કરવા દબાણ કર્યું હોવાની જાણ થતા વકીલોએ ઉમરા પોલીસ માથે લીધું હતું. પોલીસે તટસ્થ તપાસ બાદ કાર્યવાહી કરવા જણાવતા મામલો થાળે પડ્યો હતો.

પ્રાપ્ત વિગત અનુસાર, ફરિયાદી વકીલની પુત્રી હેમા (નામ બદલ્યું છે) ના ૧૬ વર્ષીય ભાઈ હેમંત (નામ બદલ્યું છે)ને તેની મિત્ર નેહા (નામ બદલ્યું છે)ફોન કરીને તેને ઘરે મૂકી જવા માટે લોકેશન મોકલ્યું હતું. હેમંત નેહાને ઘરે મૂકવા જતો હતો તે સમયે નેહાનો ભાઈ રવિ (નામ બદલાયું છે) તેને જોઈ ગયો હતો. ત્યારબાદ રવિએ હેમંતને ફોન કરીને ઉશ્કેરાઈને પાલ ગૌરવપથ રોડ પર આવેલા ફેન્ટાસીયા-૦૨ ખાતે મળવા બોલાવ્યો હતો.

હેમંત બહેન તથા મિત્રોને સાથે લઈને પહોંચતાં રવિ અને તેના અન્ય પાંચ મિત્રોએ ત્યાં આવીને તેનેર માર માર્યો હતો.

રવિના પિતા પણત્યાં આવી પહોંચતાં તેણે પણ હેમંતને માર માર્યો હતો અને જાનથી મારી નાખવાનો પણ પ્રયાસ કર્યો હતો અને ઈજા પહોંચાડી હતી. આ સમયે વચ્ચે પડેલી હેમંતની બહેન સાથે પણ આરોપીઓએ ધક્કામુક્કી કરી અપશબ્દો કહ્યા હતા.

ઓળખીતા આવી જતાં પોલીસને બોલાવતા ઉદ્યોગપતિ પિતા ભાગી છૂટ્યો

ઘટના સ્થળે ઓળખીતા અલ્પેશ આફ્રીકાવાળા આવી જતાં અને તેમણે ૧૧૨ પોલીસ કંટ્રોલ રૂમમાં ફોન કરતા આરોપી રવિનો શહેરના મોટા ગજાનો ઉદ્યોગપતિ પિતા ત્યાંથી ભાગી ગયો હતો. પોલીસે ઈજાગ્રસ્ત સગીર હેમંતને તબીબી સારવાર માટે ખસેડ્યો હતો. હેમંતની બહેને પાલ પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. બીજી તરફ વકીલ પુત્ર પર હુમલો કરવાથી કોઈએ આરોપીઓ તરફી કોર્ટમાં હાજર ન રહેવા મામલે ઠરાવ કરતા મામલો ગરમાયો છે.

સંક્ષિપ્ત સમાચાર

શ્રી પટેલ પ્રગતિ મંડળની ૨૭મી ગરબા સ્પર્ધા યોજાઈ

સુરતઃ શ્રી પટેલ પ્રગતિ મંડળ અને કલ્યાણી મહિલા પાંખનાં સંયુક્ત ઉપક્રમે ૨૭મો ગરબા સ્પર્ધા સમારોહ યોજાયો હતો. મહિલા પાંખનાં કન્વીનર સ્વાગત પ્રવચન લક્ષ્મીબેન પટેલે કર્યું હતું. સમારોહનાં પ્રમુખ હરીશ હરજીવન પટેલ, શ્રીમતી પારૂલ હરીશ પટેલ તરફથી મંડળને રૂા ૬૨૦૦૦નું દાન પ્રાપ્ત થયુ હતું.આ ગરબા મહોત્સવ ઉંમર પ્રમાણે ત્રણ વિભાગ યોજાયા હતા. ૧૧ ગરબા ટીમે ભાગ લીધો હતો. જેમાં પ્રાણેશ્વર મહાદેવ ગૃપ, ઉગત, ગાયત્રી ગરબા મંડળ,અસ્નાબાદ, ગણેશ ગરબા મંડળ, રાંદેર રોડ વિજેતા જાહેર કરાયા હતા. નીતાબેન પટેલે આભારવિધિ કરી હતી.

સુરત રક્તદાન કેન્દ્રની સુવર્ણ જયંતીની ઉજવણી કરાઈ



સુરતઃ સુરત રક્તદાન કેન્દ્ર એન્ડ રિસર્ચ સેન્ટર (SRKRC) દ્વારા ૩૧ ઓક્ટોબર ૨૦૨૬ના રોજ પોતાના ભવ્ય સુવર્ણ જયંતી મહોત્સવની ગૌરવભેર ઉજવણી કરવામાં આવી હતી. ૧ ઓક્ટોબર ૧૯૭૫ના રોજ સુરતના દુરદર્શી અને નામાંકિત તબીબો ડો. પ્રદીપ દેસાઈ, ડો. વિનોદ શાહ અને ડો. નિકુંજલતા તિજોરીવાળા દ્વારા આ સંસ્થાની સ્થાપના કરવામાં આવી હતી. આજે SRKRC દેશની અગ્રણી રક્તબેંકોમાં ગર્વભેર સ્થાન ધરાવે છે, જેમાં ૩,૦૦,૦૦૦થી વધુ રક્તદાતાઓ નોંધાયેલા છે. સમારોહમાં BAPS ના પ્રખ્યાત સંત અને વૈશ્વિક વક્તા પૂજ્ય જ્ઞાનવત્સલ સ્વામી મુખ્ય અતિથિ તરીકે પધાર્યા હતા. સમારોહમાં સાંસદ ગોવિંદ ધોળકીયા પણ હાજર રહ્યા હતા.

સાતમી ધ જૈન સુપર સ્પીકર એન્ડ કલ્ચરલ કોન્ટેસ્ટનો એવોર્ડ ફંક્શન યોજાયો



સુરતઃ ૩૨મી ધ જૈન સુપર સ્પીકર એન્ડ કલ્ચરલ કોન્ટેસ્ટ અંતર્ગત, વીરમતીબેન ફકીરચંદ શાહ ચેરિટેબલ ટ્રસ્ટ અને ભદ્રેશ શાહના આયોજનમાં, સુરત જૈન યુવક મહામંડળના ઉપક્રમે યોજાયેલી 'ધ જૈન સુપર સ્પીકર એન્ડ કલ્ચરલ કોન્ટેસ્ટ'નો ઇનામ વિતરણ સમારંભ વેસુ જૈન સંઘના હોલમાં ભવ્ય રીતે સંપન્ન થયો હતો. હૃદયરત્નસૂરીશ્વરજી મહારાજ સાહેબની નિશ્રામાં યોજાયેલા આ સમારંભમાં નર્મદ યુનિ.ના વીસી કિશોરસિંહ ચાવડા મુખ્ય મહેમાન તરીકે, જાણીતા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ રશેષભાઈ શાહ, ઉમરા જૈન સંઘના પ્રમુખ તથા ડાયમંડ એક્સપોર્ટર દિલીપભાઈ મહેતા, કેનાલ રોડ જૈન સંઘના અધ્યક્ષ જયંતીભાઈ જૈન, ઉપાધ્યક્ષ રમેશચંદ્ર મલરેચા, સભ્ય ખ્યાલીલાલ પોરવાલ સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. સમારંભમાં ૨૦૦થી વધુ ઇનામોનું વિતરણ કરવામાં આવ્યું હતું. કિશોરસિંહ ચાવડા, સીએ રશેષ શાહ, વડોદરાના હેમાંગીની ભટ્ટ તેમજ વિજેતા પૈકી ચારૂલતા અનાજવાળા, ડો. ખુશ્બુ મકવાણા, અલોક બરાડિયા દ્વારા પ્રતિભાવો વ્યક્ત કરાયા હતા. આભારવિધી નરેશ કાપડિયાએ કરી હતી.

પ્રોપર્ટીસમ્રાટ બનવા કરતાં પૂણ્યસમ્રાટ બનવું જોઈએ: પદ્મદર્શનસૂરિજી




ભીવંડીઃ શ્રી ગોકુળનગર નઝરાના જૈન સંઘ ભીવંડીના જૈન ભવનમાં પ્રવચન પ્રભાવક જૈનાચાર્ય પદ્મદર્શનસૂરિજી મહારાજે ધર્મસભા સમક્ષ જણાવ્યું હતું કે, પ્રોપર્ટી સમ્રાટ બનવા કરતાં પુણ્યસમ્રાટ બનવું જોઇએ. આજનો માણસ પ્રોપર્ટીઓ વસાવીને એવું માની રહ્યો છે કે ખૂબ શ્રીમંત છે. સત્તા, સંપત્તિ અને સૌન્દર્ય મળવા માત્રથી મહાન બનાતું નથી. જો તમારું પુણ્ય બળવાન હશે તો જંગલમાં પણ મંગલ થઇ જશે. પુણ્યવાનને વગર સાધનાએ બધું મળી જાય છે. સાધના તો તેને કરવી પડે છે કે જેનું પુણ્ય જાપાનીઝ કાચની બરણી જેવું છે. ગમે ત્યારે આફતો જીવનમાં આવી જતી હોય તો સમજી રાખશો કે તમારું પુણ્ય નબળું છે. અત્યારે મોટા ભાગના લોકોનું પુણ્ય કાચા સુતરના ધાગા જેવું છે.

પંચમ્ ગ્રુપનો મનોજકુમાર-રાજેન્દ્રકુમાર, માલાસિંહા-વૈજયંતીમાલાનાં ફિલ્મી ગીતોની સ્પર્ધા યોજાઈ



સુરતઃ પંચમ્ ગ્રુપ દ્વારા અભિનેતા મનોજ કુમાર અને રાજેન્દ્ર કુમાર તેમજ અભિનેત્રી માલા સિંહા અને વૈજયંતીમાલાના ફિલ્મી ગીતોની સ્પર્ધાનો ૩૮૭મો અને ૩૮૮મો જાહેર કાર્યક્રમ આલાપ સ્ટુડિયો પાલ સુરત ખાતે રવિવાર ૧લી નવેમ્બરના યોજાયો હતો. જેમાં એડવોકેટ વસંત રાઠોડ, સરોજ રાઠોડ, અપ્પા બાબુરાવ ચિત્લે, ધર્મેન્દ્ર પટેલ, સારિકા જગતાપ, મહેશ કડકિયા, ડો. આશિષ પંચાલ, ડો. સમીર પરીખ, રિંકુ મંગલા, બિજલ શાહ, ખુશ્બુ પખાલે, અરવિંદ શ્રીસથ, જયસુખ શુક્લા, સુરેન્દ્ર મહીડા અને નૌસિર ભેસાણીયાને વિજેતા જાહેર કરાયા હતા. નિર્ણાયક તરીકે આર્કિ. સંગીતા જૈન અને સીએ મનિષ મેહતાએ સેવા આપી હતી. પારિતોષિકની વ્યવસ્થા પંચમ ગ્રુપે કરી હતી. સંચાલન મિત્રેશ અગ્નિહોત્રી અને શીતલ વકીલવાળાએ કર્યું હતું.

પીટી સાયન્સ કોલેજના વિદ્યાર્થિની મારુ રિદ્ધિબેન પીએચ.ડી. થયા



સુરતઃ સર પી.ટી. સાર્વજનિક કોલેજ ઓફ સાયન્સ, સુરતના રસાયણ વિભાગના વિદ્યાર્થિની મારુ રિદ્ધિબેન દિનેશભાઈએ તાજેતરમાં વિજ્ઞાન વિદ્યાશાખામાં રસાયણશાસ્ત્ર વિષયમાં વીર નર્મદ સાઉથ ગુજરાત યુનિવર્સિટીમાંથી Ph.D.ની પદવી પ્રાપ્ત કરી છે. તેમણે આ સંશોધન કાર્ય ડો. મહેન્દ્રસિંહ બી. મહિડાના માર્ગદર્શન હેઠળ શિર્ષક "CORROSION INHIBITION OF MILD STEEL IN HCI + H_3PO_4 MIXED ACIDIC MEDIUM BY PHARMACEUTICAL DRUGS, GREEN EXTRACTS AND SWEETENERS: ELECTROCHEMICAL, THERMODYNAMIC AND SURFACE STUDIES" વિષય પર કર્યું હતું. હાલમાં તેઓ નર્મદા કોલેજ ઓફ સાયન્સ એન્ડ કોમર્સ, ભરૂચ ખાતે અધ્યાપિકા તરીકે ફરજ બજાવે છે.

CA ફાઉન્ડેશન રિઝલ્ટ 2026: 6 નવેમ્બરે જાહેર થઈ શકે છે પરિણામ

સુરતઃ ધ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ ઓફ ઇન્ડિયા (ICAI) દ્વારા CA Foundation સપ્ટેમ્બર-2026 પરીક્ષાના પરિણામને લઈને મહત્ત્વની અપડેટ આપવામાં આવી છે. સંસ્થાના એક્ઝામિનેશન ડિપાર્ટમેન્ટ દ્વારા જાહેર કરાયેલી સૂચના અનુસાર પરીક્ષાનું પરિણામ આગામી 6 નવેમ્બર, 2026ના રોજ સાંજ સુધીમાં જાહેર થવાની સંભાવના છે. પરિણામ જાહેર થયા બાદ ઉમેદવારો ICAIની સત્તાવાર રિઝલ્ટ વેબસાઇટ caresults.icai.org પર જઈને પોતાનું પરિણામ જાણી શકશે. આ માટે વિદ્યાર્થીઓએ પોતાનો રોલ નંબર અને રજિસ્ટ્રેશન નંબર દાખલ કરવાનો રહેશે. પરિણામની સાથે જ વિદ્યાર્થીઓ પોતાની માર્કશીટ પણ ઓનલાઈન ડાઉનલોડ કરી શકશે. જેથી ઉમેદવારોને પરિણામ જાણવા માટે કોઈ ઓફલાઈન પ્રક્રિયાની જરૂર નહીં પડે. ઉલ્લેખનીય છે કે, ICAI દ્વારા સપ્ટેમ્બર સત્રની CA Foundation પરીક્ષાઓ 2, 5, 7 અને 9 સપ્ટેમ્બર, 2026ના રોજ યોજવામાં આવી હતી. હવે પરિણામની તારીખ નજીક આવતા પરીક્ષામાં સામેલ થયેલા વિદ્યાર્થીઓમાં ઉત્સુકતા વધી છે. ઉમેદવારોને પરિણામ સંબંધિત નવીનતમ અપડેટ માટે ICAIની સત્તાવાર વેબસાઇટ પર નજર રાખવાની સલાહ આપવામાં આવે છે.

પેટ્રોલ છાંટી મહિલાની કરાયેલી

હત્યામાં આજીવન કેદની સજા થતાં કેદીએ જેલમાં જ ફાંસો ખાઈ લીધો

સજા ફટકાર્યાના બીજા જ દિવસે 37 વર્ષીય કેદીનો લાજપોર જેલમાં આપઘાત

સુરત : હત્યાના ગંભીર ગુનામાં કેદ એક આરોપીને કોર્ટ દ્વારા આજીવન કેદની સજા ફટકારવામાં આવ્યાના બીજા જ દિવસે તેણે જેલના કોમન શૌચાલયમાં ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. મૂળ રાજસ્થાનના બાંસવાડાનો વતની અને કતારગામ લલિતા ચોકડી પાસે ફૂટપાથ પર રહેતો 37 વર્ષીય શંભુલાલ કમલા નાથુ આડા લાજપોર મધ્યસ્થ જેલના યાર્ડ નંબર C/2/1માં કાચા કામના કેદી તરીકે બંધ હતો. તેની સામે કતારગામ પોલીસ સ્ટેશનમાં હત્યા સહિતના ગંભીર ગુના નોંધાયા હતા. 2 નવેમ્બરના રોજ કોર્ટ દ્વારા તેને આજીવન કેદની સજા ફટકારવામાં આવતાં તેણે આજે સવારે શૌચાલયમાં બારીના ભાગે કપડાની દોરી બાંધી ગળેફાંસો ખાઈ લીધો હતો.

પ્રેમસંબંધની શંકામાં મહિલાને પેટ્રોલ છાંટી સળગાવી હતી

ફરિયાદપક્ષના કેસની વિગતો મુજબ, 19 ફેબ્રુઆરી 2024ના રોજ રાત્રે 1:30થી 2 વાગ્યાના અરસામાં કતારગામની લલિતા ચોકડી પાસે આવેલા સંતકૃપા પેલેસ બિલ્ડિંગના પ્રથમ માળે રાધાબેન ગટ્ટુભાઈ તેમની પુત્રી સાથે સૂતાં હતાં. ત્યારે શંભુલાલે રાધાબેનના અન્ય વ્યક્તિ સાથેના સંબંધની શંકાને પગલે પેટ્રોલ ભરેલી બોટલમાંથી રાધાબેન અને તેમના ગોદડા પર પેટ્રોલ છાંટી માચીસથી આગ લગાવી દીધી હતી. આ ઘટનામાં રાધાબેનનું મોત થયું હતું.

દિવાળી પહેલાં મનપા કમિશનરે અધિકારીઓના ફટાકડા ફોડ્યા

હેલ્થ-એન્જિનિયરિંગની બેઠકમાં ગાર્ડન વિભાગની કામગીરી સામે ભારે નારાજગી

શહેરમાં બ્યુટિફિકેશન દેખાતું નથી, કમિ. લાલઘૂમ

સુરતઃ દિવાળીના ફટાકડા બજારમાં ફૂટે તે પહેલાં સુરત મનપાના કમિશનર રાજકુમાર બેનીવાલે અધિકારીઓના ફટાકડા ફોડી દીધા છે. શહેરમાં વિકાસ અને સ્વચ્છતાના દાવાઓ વચ્ચે જમીની હકીકતથી નારાજ કમિશનરે હેલ્થ-એન્જિનિયરિંગ વિભાગની પખવાડિક બેઠકમાં અધિકારીઓને સીધી ચેતવણી આપી હતી કે, હાલ માત્ર સૂચનાઓ આપવામાં આવી રહી છે, પરંતુ આગામી બેઠક સુધી તેનો અમલ નહીં થાય તો પછી સીધી કાર્યવાહી કરવામાં આવશે. કમિશનરની આ ચીમકીથી અધિકારીઓમાં ફફડાટ ફેલાયો છે.બીજી તરફ, ગાર્ડન વિભાગની કામગીરીએ પણ કમિશનરનો પિત્તો ગયો હતો. શહેરમાં બ્યુટીફિકેશનના નામે કશું દેખાતું નથી અને ઠેરઠેર ગાર્ડન વેસ્ટના ઢગલા જોવા મળે છે તેવી નારાજગી વ્યક્ત કરી હતી. ગાર્ડન વિભાગ અને ઝોન એકબીજા પર જવાબદારી ઢોળીને ખો-ખોની રમત રમતા હોવાની ટીકા કરી હતી. જરૂર હોય તેટલો સ્ટાફ અને મશીનરીની માંગણી કરવા પણ જણાવ્યું હતું. આ ઉપરાંત રોડ ડિવાઈડર અને રસ્તાઓની સફાઈ મુદ્દે ઝોન તથા આરોગ્ય વિભાગને પણ ખખડાવ્યા હતા. દિવાળી પહેલાં રસ્તાઓનું રિપેરિંગ પૂર્ણ કરવા તાકીદ કરી હતી. હવે સવાલ એ છે કે કમિશનરની ચીમકીથી અધિકારીઓની કાર્યપદ્ધતિ બદલાશે કે પછી સૂચનાઓ અને બેઠકોની ફાઈલો વચ્ચે પ્રજાના પ્રશ્નો ફરી દબાઈ જશે?

ગોથાણ બ્રિજ પર રિકાર્પેટિંગ બાદ રસ્તો ઉખડતાં બ્રિજ સેલ પાસે ખુલાસો માંગ્યો, તપાસ માટે કમિટી રચી

બેઠકમાં સૌથી પહેલાં ગોથાણ બ્રિજની કામગીરીનો મુદ્દો ગાજ્યો હતો. બ્રિજ પર રિકાર્પેટિંગ કર્યા બાદ ગણતરીના સમયમાં જ બે-ત્રણ જગ્યાએ રસ્તો ક્ષતિગ્રસ્ત થઈ જતાં કમિશનરે બ્રિજ સેલ પાસે ખુલાસો માગ્યો હતો. કામગીરીની ગુણવત્તા સામે સવાલ ઊઠાવી તપાસ માટે કમિટી પણ રચવામાં આવી છે. કમિટીને તાત્કાલિક અહેવાલ આપવા સૂચના અપાઈ છે. એટલે કે, રીકાર્પેટિંગ પાછળ ખર્ચાયેલા નાણાં અને કામગીરીની ગુણવત્તાની હવે તપાસ થશે.


સારોલીના કાપડ વેપારી સાથે રૂ.10.70 લાખની ઠગાઈ

સુરતના સારોલી સ્થિત આર.કે. એલ.પી. માર્કેટની 'રુદ્રયોગી ફેબ' પેઢીના મેનેજર મયંક મોદી સાથે રૂ. 10.70 લાખથી વધુની છેતરપિંડી થઈ છે. વર્ષ 2021માં કાપડ દલાલ વિક્કી રોહરાએ સારા પેમેન્ટ અને નફાની ખાતરી આપી અમદાવાદના 'જે.એન. ક્રીએશન'ના વેપારી રહમતુલ્લાહ શેખ સાથે સંપર્ક કરાવ્યો હતો. ઓક્ટોબર 2021થી મે 2022 દરમિયાન મયંકભાઈએ ટ્રાન્સપોર્ટ મારફતે અમદાવાદ રૂ. 15.83 લાખનો કાપડનો માલ મોકલ્યો હતો. તેમાંથી રૂ. 2.81 લાખનો માલ પરત આવ્યો હતો અને અન્ય રકમ જમા થયા બાદ બાકી નીકળતા રૂ. 10,70,098 ચૂકવ્યા વગર આરોપીઓ દુકાન બંધ કરીને ફરાર થઈ ગયા હતા. વારંવાર ઉઘરાણી છતાં નાણાં ન મળતાં, મયંક મોદીએ કાપડ દલાલ વિક્કી રોહરા અને વેપારી રહમતુલ્લાહ શેખ વિરુદ્ધ સારોલી પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.

પ્રિન્ટ ફેબ્રિક્સના વેપારી સાથે રૂપિયા 5.77 લાખની છેતરપિંડી

સુરત : સુરતના સારોલી સ્થિત સંગીની ટ્રેડ સેન્ટરમાં 'માંધાતા એન.એક્સ.' નામે પ્રિન્ટ ફેબ્રિક્સનો વેપાર કરતા દિનેશ પાંડે સાથે 5.77 લાખથી વધુની છેતરપિંડી થઈ છે. માર્ચ 2024માં 'સ્વાંગીયા એજન્સી'ના કાપડ દલાલ ઉમેદસિંગે સારો નફો અને પેમેન્ટની જવાબદારી લેવાની ખાતરી આપી વેપારીનો વિશ્વાસ કેળવ્યો હતો. દલાલ મારફતે અમદાવાદના 'સુપર આર્ટ' પેઢીના પ્રોપરાઈટર સલીમ એૈયુબભાઈ રમકડાવાલા સાથે સોદો નક્કી થયો હતો. 11 માર્ચ 2024ના રોજ 5,77,179ની કિંમતનો ફિનિશ્ડ કાપડનો માલ મંગાવવામાં આવ્યો હતો. માલની ડિલિવરી સુરતના સહારા દરવાજા સ્થિત અવધ ટેક્સટાઈલ માર્કેટમાં લેવામાં આવી હતી. બે મહિનામાં પેમેન્ટ ચૂકવવાનો વાયદો કરીને આરોપીઓએ ફોન બંધ કરી દીધા હતા. આ મામલે દિનેશભાઈની ફરિયાદના આધારે સારોલી પોલીસે દલાલ ઉમેદસિંગ અને વેપારી સલીમ રમકડાવાલા વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો.

રસ્તા પર દોડતી કારમાં અચાનક આગ ભભૂકી, કાર સંપૂર્ણ ખાખ



■ ભેસ્તાન-સચિન રોડ પર આવેલા સિદ્ધાર્થનગર ખાતે સોમવારે રાત્રે રસ્તા પર દોડી રહેલી એક કારમાં અચાનક આગ ભભૂકી ઊઠતાં અફરાતફરી મચી ગઈ હતી. કારમાંથી ધુમાડો નીકળતો જોઈ તેમાં સવાર બે વ્યક્તિ કિરણ પટેલ અને કમલેશ પટેલ સમયસૂચકતા વાપરી કાર રસ્તાની એક બાજુએ ઊભી રાખી બહાર નીકળી જતાં તેમનો આબાદ બચાવ થયો હતો. આગે જોતજોતામાં વિકરાળ સ્વરૂપ ધારણ કરતાં આખી કાર બળીને ખાખ થઈ ગઈ હતી.

દિવાળીમાં વિદ્યાર્થીઓને બોજ વગરનું હોમવર્ક આપો

વેકેશનમાં પાણી, ઊર્જા બચતનો સંદેશ વિદ્યાર્થીઓ ઘર-ઘર પહોંચાડે

વેકેશન બાદ શ્રેષ્ઠ પ્રવૃત્તિઓનું શાળામાં પ્રદર્શન કરાશેઃ ડો.ભગીરથસિંહ પરમાર

સુરતઃ દિવાળી વેકેશનમાં વિદ્યાર્થીઓને પરંપરાગત પદ્ધતિથી વધુ પડતું લેખિત હોમવર્ક આપવાને બદલે તેમની સર્જનાત્મકતા, કલ્પનાશક્તિ અને વ્યવહારુ જ્ઞાનમાં વધારો થાય તેવી આનંદદાયી પ્રવૃત્તિઓ કરાવવા માટે જિલ્લા શિક્ષણાધિકારી ડો.ભગીરથસિંહ પરમારે સુરત જિલ્લાની તમામ પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓને સૂચના આપી છે. વિદ્યાર્થીઓને હોમવર્કના બોજમાંથી મુક્ત રાખવાની સાથે જળ અને ઊર્જા સંરક્ષણ અંગે જાગૃતિ કેળવવા પર પણ વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે. ઓછા વરસાદને કારણે ભવિષ્યમાં જળસંકટ અને ઊર્જાની અછત જેવી સમસ્યાઓ ઊભી ન થાય તે માટે વિદ્યાર્થીઓમાં અત્યારથી જ બચતની સુટેવો વિકસાવવાનો પ્રયાસ કરવામાં આવશે. વિદ્યાર્થીઓ પોતાના ઘરમાં પાણીનો ક્યાં અને કેટલો બગાડ થાય છે તેનું નિરીક્ષણ કરી શકે તેમજ પાણી બચાવવાના વ્યવહારુ ઉપાયો શોધી શકે.

લાઇટ-પંખા બંધ રાખવાની સુટેવ કેળવવા પર ભાર

જળસંરક્ષણની સાથે ઊર્જાની બચતને પણ આ અભિયાનમાં આવરી લેવામાં આવી છે. જરૂર ન હોય ત્યારે લાઇટ, પંખા અને અન્ય વિદ્યુત ઉપકરણો બંધ રાખવાની ટેવ વિદ્યાર્થીઓમાં વિકસાવવા શાળાઓને સૂચના આપવામાં આવી છે.

પીવાના પાણીમાં કેમિકલ ભળતા કતારગામની 135 તપેલા ડાઈંગ સીલ

થોડા દિવસ પહેલાં પણ ઝોન દ્વારા ઝુંબેશ ચલાવાઇ હતી

સુરતઃ કતારગામ વિસ્તારમાં મનપાએ ગેરકાયદેસર રીતે ધમધમી રહેલા તપેલા ડાઈંગના એકમો પર સકંજો કસ્યો છે. ટી.પી. સ્કીમ નંબર 24 (ટુંકી)માં આવેલી વિવિધ મિલકતોમાં કોઈપણ જાતની મંજૂરી વગર બિનઅધિકૃત રીતે તપેલા ડાઈંગનું કામ કરવામાં આવી રહ્યું હોવાનું મનપાની તપાસમાં બહાર આવ્યું હતું.

આ ગેરકાયદે એકમોમાં કપડા રંગવા માટે વપરાતા હાનિકારક કેમિકલયુક્ત ઝેરી પાણીનો સીધો નિકાલ ડ્રેનેજ લાઈનમાં કરવામાં આવતો હતો, જેના કારણે ડ્રેનેજનું આ ગંદુ અને કેમિકલયુક્ત પાણી આસપાસના વિસ્તારોમાં પીવાના પાણીની લાઈનોમાં ભળી જતું હોવાની ગંભીર બાબત સામે આવી હતી. પીવાના પાણીની ગુણવત્તા બગડવા અને તે નાગરિકોના આરોગ્ય માટે અત્યંત જોખમી સાબિત થઈ શકે તેમ હોવાથી સ્થાનિક રહીશો દ્વારા તંત્રમાં લેખિત ફરિયાદો પણ કરવામાં આવી હતી.

લોકોના સ્વાસ્થ્ય સાથે ચેડાં કરતી આ ગંભીર બાબતને ધ્યાને લઈને સુરત મહાનગરપાલિકાએ તમામ બિનઅધિકૃત મિલકતોના માલિકોને નોટિસો પાઠવીને ગેરકાયદેસર વપરાશ તુરંત જ બંધ કરવા અથવા દુર કરવાના આદેશો આપ્યા હતા. આપેલી મુદત પૂર્ણ થઈ જવા છતાં પણ સ્થિતિમાં સુધારો ન થતાં પાલિકાના દબાણ અને ડેવલપમેન્ટ વિભાગ દ્વારા કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

જે અંતર્ગત ગત તા. 29/10/2026 ના રોજ 52, તા. 30/10/2026 ના રોજ 58 અને તા. 2/11/2026 ના રોજ 25 મિલકત મળીને કુલ 135 મિલકતને તંત્ર દ્વારા તાત્કાલિક ધોરણે સીલ કરી દેવામાં આવી છે.

વર્ષ ૨૦૨૬-૨૭ માટે FRCમાં ફી મંજૂરીની પ્રક્રિયામાં બેદરકારી સામે DEO લાલઘૂમ

સુરત ઝોનની ૨૧૮ સ્વનિર્ભર શાળાઓનાં એફિડેવિટ રિજેક્ટ

૫૦૬ શાળાની ફી દરખાસ્તની કામગીરી અધૂરી! સોગંદનામામાં વિલંબ થશે તો સંચાલકો જવાબદાર રહેશે

સુરતઃ સ્વનિર્ભર શાળાઓ દ્વારા વિદ્યાર્થીઓ પાસેથી વસૂલવામાં આવતી ફી નક્કી કરવાની પ્રક્રિયા સાથે સંકળાયેલી ફી નિયમન સમિતિ (FRC) સમક્ષ જ જરૂરી દસ્તાવેજો અને વિગતો રજૂ કરવામાં શાળાઓની બેદરકારી સામે આવી છે.

ફી નિયમન સમિતિ, સુરત ઝોન દ્વારા જિલ્લા શિક્ષણાધિકારીને મોકલવામાં આવેલા પત્ર મુજબ, ગત વર્ષ ૨૦૨૫-૨૬માં સુરત ઝોનની કુલ ૧૮૭૦ શાળાઓએ એફિડેવિટ રજૂ કર્યા હતાં. તેની સરખામણીએ ચાલુ વર્ષ ૨૦૨૬-૨૭ માટે અત્યાર સુધીમાં ૧૩૬૪ શાળાઓએ જ ઓનલાઈન એફિડેવિટ માટે અરજી કરી છે. આ અરજીઓમાંથી ૧૧૪૬ અરજીઓ માન્ય કરવામાં આવી છે, જ્યારે ૨૧૮ અરજીઓમાં આધાર-પુરાવા અને જરૂરી વિગતો અધૂરી હોવાથી પરત કરવામાં આવી છે. આ ઉપરાંત ૫૭ શાળાઓની ફી દરખાસ્ત સમિતિને મળી છે. આ આંકડાઓ મુજબ ૫૦૬ શાળાઓની એફિડેવિટની પ્રક્રિયા હજુ બાકી છે. બીજી તરફ, રિવર્ટ થયેલી ૨૧૮ શાળાઓએ પણ જરૂરી સુધારા કરીને ફરીથી દસ્તાવેજો રજૂ કરવાના બાકી છે. જિલ્લા શિક્ષણાધિકારી ડૉ. ભગીરથસિંહ એસ. પરમારે સુરત જિલ્લાની તમામ નોન-ગ્રાન્ટેડ પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના આચાર્યોને પત્ર પાઠવી સત્વરે ઓનલાઈન એફિડેવિટની કામગીરી પૂર્ણ કરવા જણાવ્યું છે.

રાજમાર્ગ અને ચૌટા બજારમાં સતત બીજા દિવસે દબાણ હટાવ અભિયાન



ફટાકડાના વેપારીઓનો સામાન જપ્ત કરતાં વિરોધ

સુરતઃ સોમવારે ચૌટા બજારમાં દબાણ હટાવ્યા બાદ મંગળવારે સતત બીજા દિવસે રાજમાર્ગ અને ચૌટાપુલ વિસ્તારમાં પોલીસ બંદોબસ્ત સાથે ઓચિંતી કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. .

મનપાની ટીમે રાજમાર્ગ પર રસ્તાની વચ્ચે અને આસપાસ અડચણરૂપ બનેલા લારી-ગલ્લા, પાથરણાં તેમજ ફટાકડાના વેચાણ માટે ઊભા કરાયેલા સ્ટોલ હટાવ્યા હતા. જાહેર માર્ગો પર દબાણ ન કરવા અગાઉ વારંવાર સૂચનાઓ આપવા છતાં વેપારીઓ દ્વારા દબાણ ચાલુ રાખવામાં આવતાં તંત્રએ કડક કાર્યવાહી કરી હોવાનું જણાવ્યું હતું. જોકે, ફટાકડાના વેપારીઓનો સામાન જપ્ત કરવાની કાર્યવાહીથી મામલો ગરમાયો હતો. વેપારીઓએ મનપાની કાર્યવાહી સામે વિરોધ નોંધાવી મોરચો માંડ્યો હતો. દિવાળીના ગણતરીના દિવસો બાકી હોય ત્યારે રોજગારીના સમયગાળામાં સામાન જપ્ત થતાં વેપારીઓમાં નારાજગી જોવા મળી હતી.